Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

: કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની સામાન્ય સભા, મંગળવાર, તા.૧૫–૧૦–૨૦૨૪ના રોજ બપોરે : ૦૧–૦૦ કલાકે ઓફલાઈન/ ઓનલાઈન રૂમ નંબર – ૧૦૧૩૩ સભાખંડ, વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

ક્રમ	**સભ્યોના નામ**	**હાજરી**
૧.	ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી)	હાજર
૨.	* ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (સભ્ય સચિવ)	હાજર
૩.	ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ	હાજર
૪.	** ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ	ગેરહાજર
૫.	VACANT	—
૬.	VACANT	—
૭.	VACANT	—
૮.	ડૉ. મનીષા મનીષ પાનવાલા	હાજર
૯.	ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી	ગેરહાજર
૧૦.	VACANT	—
૧૧.	VACANT	—
૧૨.	શ્રી અમીત ગજજર	ઓનલાઈન હાજર
૧૩.	શ્રી લક્ષ્મણભાઈ આહિર	હાજર
૧૪.	સુશ્રી અરૂંધતી જે. દેસાઈ	ગેરહાજર
૧૫.	VACANT	—
૧૬.	VACANT	—
૧૭.	VACANT	—
૧૮.	ડૉ. અનુપમ શુકલા	ગેરહાજર

* ડૉ. આર. સી. ગઢવી, કુલસચિવ On Duty બહારગામ જવાના હોવાથી બપોરે ૩–૩૦ વાગ્યા પછી સભામાં હાજર રહ્યા ન હતા.

** ડૉ. એ. એ. દેસાઈ, Duty Leave અન્વયે બહારગામ હોવાથી સભામાં હાજર રહ્યા ન હતા.

વિભાગ – ૧ (બહાલી અને એકશન ટેકન રીપોર્ટ)

૧.૧ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવામાં આવે છે.**

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ની સામાન્ય સભાની કાર્યવાહીનો ઠરાવ ક્રમાંક : ૬.૨૦

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કાયમી વહીવટી કર્મચારીઓને સિન્ડિકેટના તા.૦૨–૧૧–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૧૪ અનુસાર GPU Act, 2023 ની કલમ 46 (2) (d) (iv) (v) અન્વયે પ્રોત્સાહન આર્થિક વળતર જે તે વધારાની કામગીરીની જગ્યાના પ્રવર્તમાન પગાર ધોરણના ૧૦% મુજબ તા. ૦૧–૦૯–૨૦૨૪થી પરીક્ષા ફંડ માંથી આ સાથે પરિશિષ્ટ ' ક ' મુજબ ચુકવવા મંજૂરી આપવામાં આવે છે.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અગાઉ જે અધિકારી/ કર્મચારીઓએ જેટલા સમય માટે જે વધારાની કામગીરી કરેલ છે તે વધારાની કામગીરીનું બાકી આર્થિક વળતર પણ અગાઉ નિયત કરેલ દરે ચુકવવા મંજૂરી આપવામાં આવે છે.

(પરિશિષ્ટ ' ક ')

<u>ને બદલે</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના તમામ કાયમી વહીવટી કર્મચારીઓને GPU Act, 2023 ની કલમ 46 (2) (d) (iv) (v) અન્વયે સ્વનિર્ભર ભથ્થું પ્રવર્તમાન પગાર ધોરણના ૮% મુજબ તા. ૦૧–૦૯–૨૦૨૪થી સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ માંથી ચુકવવા મંજૂરી આપવામાં આવે છે તેમજ સદર ખર્ચની અંદાજપત્રિય જોગવાઈ આમેજ કરવામાં આવે છે.**

વધુમાં, શિક્ષણ વિભાગના યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના સાતમાં પગારપંચ મુજબના પગાર ધોરણો મંજૂર કરવા બાબતના ઠરાવ ક્રમાંક : દગય–૧૨૧૭–૧૭૨–ખર, તા.૧૯–૦૯–૨૦૧૭ના પરિશિષ્ટઃ ' અ ' માં તા.૦૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર જગ્યાની દર્શાવેલ સંખ્યા ૩૧૧ પૈકી ખાલી પડેલ/ પડનાર આવી તમામ જગ્યાઓ પર જે તે કર્મચારીને વધારાની કામગીરી સોંપવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે તથા નિયમાનુસાર વધારાની કામગીરીની જગ્યાના પ્રવર્તમાન પગાર ધોરણના ૧૦% મુજબ ચુકવવાની જોગવાઈ છે જે મુજબ જે તે કર્મચારીને વધારાની કામગીરી માટે આર્થિક વળતર તા.૦૧–૦૯–૨૦૨૪થી સી.ડી.એફ.માંથી ચુકવવા મંજૂરી આપવામાં આવે છે તથા સદર ખર્ચની અંદાજપત્રિય જોગવાઈ આમેજ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અગાઉ જે અધિકારી/ કર્મચારીઓએ જેટલા સમય માટે જે વધારાની કામગીરી કરેલ છે તે વધારાની કામગીરીનું બાકી આર્થિક વળતર પણ અગાઉ નિયત કરેલ દરે ચુકવવા મંજૂરી આપવામાં આવે છે.

<u>વાંચનમાં લેવું</u>

૧.૨ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ની સભામાં કરવામાં આવેલ ઠરાવો અંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે રજૂ કરેલ એકશન ટેકન રીપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(નોંધ : એકશન ટેકન રીપોર્ટ સભા સમયે રજૂ કરવામાં આવશે.)

(ઓથોરિટીઝ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ની સભામાં કરવામાં આવેલ ઠરાવો અંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે રજૂ કરેલ એકશન ટેકન રીપોર્ટની નોંધ લેવામાં આવે છે.**

વિભાગ – ૨ (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

૨.૧ શ્રીમતી ઉષા જી. કાઝી તરફથી કુલ રૂા.૧૦,૦૦,૦૦૦/– (રૂા. દસ લાખ પૂરા) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આંકડાશાસ્ત્ર વિભાગમાં ચાલતા તમામ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમો માટે બિન અનામત શ્રેણી (General Category) - અન્ય આરક્ષિત કેટેગરી સિવાય) ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક શિષ્યવૃત્તિ " Usha Kazi P.G. Scholarship " શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ થી આરંભ કરવાનો પ્રસ્તાવ આ સાથે સામેલ તેમના તા.૧૭–૦૯–૨૦૨૪ના પત્રથી કરવામાં આવેલ છે. પત્રની નકલ આ સાથે સામેલ છે.

જે અંગે વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ઉષા જી. કાઝી તરફથી કુલ રૂા.૧૦,૦૦,૦૦૦/– (રૂા. દસ લાખ પૂરા) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આંકડાશાસ્ત્ર વિભાગમાં ચાલતા તમામ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમો માટે બિન અનામત શ્રેણી (General Category) - અન્ય આરક્ષિત કેટેગરી સિવાય) ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક શિષ્યવૃત્તિ " Usha Kazi P.G. Scholarship " શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ થી આરંભ કરવાના પ્રસ્તાવનો સ્વીકાર કરી તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી અને દાતાશ્રીને આભાર પત્ર પાઠવવો.**

૨.૨ તા.૦૩-૧૦-૨૦૨૪ની નાણાં અને હિસાબ સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૩ અને ૪ અંગે વિચારણા કરવા બાબત.

બિડાણ : નાણાં અને હિસાબ સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૩-૧૦-૨૦૨૪ની નાણાં અને હિસાબ સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૩ અને ૪ નો પરિશિષ્ટ : ' ૧ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકારી મંજૂર કરવામાં આવે છે અને તદ્અનુસર આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

(પરિશિષ્ટ : ' ૧ ')

૨.૩ યુનિવર્સીટી ધ્વારા લેવામાં આવતી પરીક્ષા બાબતે બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૧૮-૦૯-૨૦૨૪ની સભામાં બાબત ક્રમાંક -૨.૨ થી મંજૂર થયેલ પરીક્ષાના મહેનતાણા બાબતે તા.૨૭-૯-૨૦૨૪ના રોજ પરિપત્ર ક્રમાંક-F&A/Exam Remuneration/ 20971/2024 થી પરિપત્રીત કરવામાં આવ્યા હતા જે અનુસંધાને વિવિધ પક્ષકારો તથા સોસિયલ મિડીયામાથી મળેલ રજૂઆતોને ધ્યાને લઈ મા. કુલપતિશ્રી ધ્વારા એક સમિતિની રચના કરી, સમિતિ ધ્વારા સૂચવેલ દર, યુનિવર્સિટીની આર્થિક સ્થિતિ/ હીત, જુના નવા દરની સરખામણી કરી યોગ્ય સૂચનો કરવા જણાવેલ.

સદર સમિતિની સભા તા.૦૩-૧૦-૨૦૨૪ના રોજ યુનિવર્સીટી ખાતે મળેલ જેમા સમિતિ ધ્વારા આપવામાં આવેલ અહેવાલ (પરિશિષ્ટ ૧) આ સાથે સામેલ છે.

જે અંગે વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** □□□□□□□ □□□ □□.□□-□□-□□□□□□ □□□ □□□□□□□□□□□□ □□□□ □□□□ □□□□ □□□□□ □□□□□□ □□□□□□□ □□□□ □□□□□□**નો સ્વીકાર કરી મંજૂર કરી તદ્અનુસાર આગળની કાર્યવાહી કરવી.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈ.વર્ષ : ૨૦૨૫–૨૬થી એમ.એસસી.નો પ્રેકટીકલ બેચ ૧૦ ની જગ્યાએ અગાઉ મુજબ ૬ નો કરવો.

વધુમાં, યુનિવર્સિટી કાર્યાલયના Dt.27/09/2024, No. F&A/ Exam Remuneration/ 20971/ 2024 ના પેરા નં. ૧૬ "For preparation 2 days and for cleaning 1 days will be consider except Mathematics, Statistics like wise" ની જગ્યાએ "For preparation 2 Days & 1 Day cleaning will be considered for the following subject Chemistry/ Physics/ Bio-Sci/ Bio-Technology/ Botany/ Zoology/ Electronics/ DMLT/ PGDMLT/ Micro-Biology and other than above subject will be considered preparation 1 Day & 1 Day cleaning where the practical laysdown" મુજબ સુધારો કરવો.

૨.૪ યુનિવર્સિટીના જનરલ ફંડ, પરીક્ષા ફંડ, સેન્ટ્રલ ડેવલપમેંટ ફંડ, ગ્રાન્ટસ ફંડ, ટ્રસ્ટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ, પ્રોવિડેન્ટ ફંડના નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના હિસાબોના ઓડિટ રિપોર્ટ મંજૂર કરવા બાબત.

(નોંધ : અહેવાલ સભાના સમયે રજૂ કરવામાં આવશે.)

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્વનિર્ભર અને ગ્રાન્ટ ઈન એઈડ અભ્યાસક્રમોના વિભાગ પ્રમાણે હિસાબો સ્વનિર્ભર ફંડ,** જનરલ ફંડ, પરીક્ષા ફંડ, સેન્ટ્રલ ડેવલપમેંટ ફંડ, ગ્રાન્ટસ ફંડ **EDN30 સહીત** ટ્રસ્ટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ, પ્રોવિડેન્ટ ફંડના નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના હિસાબોના ઓડિટ રિપોર્ટ **સંદર્ભે નાણાં સમિતિને જરૂરી અભ્યાસ કરવા અને તમામ વિભાગો/ અભ્યાસક્રમોમાં નાણાં કીય વર્ષ ૨૦૨૩–૨૪ ના ઘસારાની જોગવાઈ કરી તેમજ યુનિવર્સિટીના સ્વનિર્ભર/ હાયર પેમેન્ટ અભ્યાસક્રમોની ૨૦ ટકા રકમ યુનિવર્સિટીના Overhead expenses over to University ના હેડમાં જમા લેવી અને વિભાગને તેની રસીદ આપવી.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્ટેચ્યુટરી જોગવાઈઓ મુજબ યુનિવર્સિટીના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમો/ વિભાગોના ઓડિટ રિપોર્ટ પણ નાણાંને હિસાબી વિભાગ દ્વારા વિવિધ સત્તા મંડળોમાં રજૂ કરવાના રહેશે અને GPUA – 2023 અને સ્ટેચ્યુટની જોગવાઈ અન્વયે Chief Accounts Officer નું નામાભિધાન Finance & Accounts Officer કરવું તેમજ સ્વનિર્ભર અભ્યાસક્રમો/વિભાગોના હિસાબો અને તેની નકલ પર કુલસચિવશ્રી અને Finance & Accounts Officer એ સહી કરવી.

૨.૫ ડૉ. દક્ષેશ આર. ઠાકરની તા.૦૯–૧૦–૨૦૨૪ અરજી આ સાથે સામેલ છે. જે અવલોકનમાં લેવા વિનંતી. પ્રસ્તુત અરજીથી તેઓએ ૭માં પગાર પંચ મુજબ લીવ એન્કેશમેન્ટના તફાવતની રકમ ચૂકવવા વિનંતી કરેલ. જે સબબ ડૉ. દક્ષેશ આર. ઠાકરને લીવ એન્કેશમેન્ટના તફાવતની રકમ ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ ડૉ. દક્ષેશ આર. ઠાકરને લીવ એન્કેશમેન્ટના તફાવતની રકમ ચૂકવવા સંદર્ભે સિન્ડિકેટ તા.૧૬–૦૭–૨૦૨૨ ની સભાની બાબત ક્રમાંકઃ૩૩ થી સરકારશ્રીનું માર્ગદર્શન માંગવા ઠરાવેલ હોય અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક (૧) હિસાબી/લી.એ./૧૮૨૦૧/૨૦૨૨, તા.૧૨–૦૯ –૨૦૨૨, (૨)હિસાબી/લી.એ./૨૬૯૬૦/૨૦૨૨, તા.૧૧–૧૧ –૨૦૨૨, (૩)હિસાબી/લી.એ./ ૫૮૭/ ૨૦૨૩, તા.૦૬–૦૧–૨૦૨૩, (૪)હિસાબી/લી.એ./ ૧૦૨૦૪/ ૨૦૨૩, તા.૦૩–૦૫ –૨૦૨૩ થી સરકારશ્રી નું માર્ગદર્શન માંગવામાં આવેલ છે. જે આવ્યેથી તેઓને લીવ એન્કેશમેન્ટના તફાવતની રકમ ચૂકવવા સદંર્ભે આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરી શકાય.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. દક્ષેશ આર. ઠાકરની તા.૦૯–૧૦–૨૦૨૪ અરજી આ સાથે સામેલ છે. જે અવલોકનમાં લેવા વિનંતી. પ્રસ્તુત અરજીથી તેઓએ ૭માં પગાર પંચ મુજબ લીવ એન્કેશમેન્ટના તફાવતની રકમ ચૂકવવા વિનંતી કરેલ જે સબબ ડૉ. દક્ષેશ આર. ઠાકરને લીવ એન્કેશમેન્ટના તફાવતની રકમ ચૂકવવી.**

વિભાગ – ૩ (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

૩.૧ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ કાર્યક્રમો તથા પ્રોગ્રામો માટે નીચે મુજબ ઈ-ટેન્ડરો પરચેઝ એન્ડ સ્ટોર સેલની તા.૦૮/૦૮/૨૦૨૪ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ મુજબ ઈ–ટેન્ડરની જાહેરાત ક્રમાંકઃ No.Purchase&Store/Tender/64, dt.22/08/2024 થી ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.25/09/2024 કાર્યાલય સમય સુધી રાખેલ હતી. જેના અનુસંધાને નિયત સમય મર્યાદામાં મળેલ ટેન્ડરોના ટેકનીકલ બીડ ચકાસણી કરવા અંગે કાર્યાલયની તા.૨૭/૦૯/૨૦૨૪ ની નોંધ પર માન. કુલપતિશ્રીના મળેલ આદેશ મુજબ ટેન્ડરોની ટેકનીકલ બીડની ચકાસણી કરવા અંગેની સમિતિની સભા તા.૦૫/૧૦/૨૦૨૪ અને તા.૦૯/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ હતી. જે સમિતિની અહેવાલ ધ્યાને લઈ Providing Madap, Green Room, Furniture, German Dome and other Decorative Services on Annual Base (As & When Required) (1 to 3 Days) માટે **૩(ત્રણ) પાર્ટીઓ** અને Providing Madap, Green Room, Furniture, German Dome and other Decorative Services on Annual Base (As & When Required) (3 or more Days) માટે **૩(ત્રણ) પાર્ટીઓ**ની બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ n-procure વેબ સાઈટ પરથી ઓનલાઈન પ્રાઈઝ બીડ ખોલી વિચારણા કરવા બાબત.

નોંધઃ– બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨/૧૪–૦૩–૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨.૧) ની ભલામણ ક્રમાંકઃ૨૨.૮ મુજબ પાર્ટીઓને નેગોશીયેશન સમિતિ સમક્ષ ઉપસ્થિત રાખી ભાવતાલ બાબતે નેગોશીયેટ કરવા સમિતિની નિમણુંક કરવામાં આવેલ છે.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે n-procure વેબ સાઈટ પર ઓનલાઈન પ્રાઈઝ બીડ ખોલતા Providing Madap, Green Room, Furniture, German Dome and other Decorative Services on Annual Base (As & When Required) (1 to 3 Days) માટે L1 પાર્ટી V. K. Enterprise ને Below 20% (જી.એસ.ટી. સહિત) અને Providing Madap, Green Room, Furniture, German Dome and other Decorative Services on Annual Base (As & When Required) (3 or more Days) માટે L1 પાર્ટી V. K. Enterprise ને Below 30% (જી.એસ.ટી. સહિત) કામગીરી કરવા ટેન્ડરની શરતોને આધિન વર્ક ઓર્ડર આપવો.**

૩.૨ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ખરીદ સમિતિની સભા તા.૦૩-૧૦-૨૦૨૪ ના રોજ મળેલ સદર સમિતિની કાર્યવાહી ઉપર વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ખરીદ સમિતિની સભા તા.૦૩-૧૦-૨૦૨૪ ના રોજ મળેલ સદર સમિતિની કાર્યવાહી/ ભલામણ ક્રમાંક : ૧ થી ૫, ૧૦, અને ૧૨ નો યથાવત સ્વીકાર કરી તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

ભલામણ ક્રમાંક : ૬, ૭, ૮, ૯ અને ૧૩ સંદર્ભે સ્થળ તપાસ કરી અને તદ્અનુસાર કાર્યવાહી કરવી.

ભલામણ ક્રમાંક : ૧૧ સંદર્ભે વિદ્યાર્થીઓના અભ્યાસનાં હિત માટે સાધનો ખરીદવા મંજુરી આપવા અને તેને અનુલક્ષી વર્ષ 2024-25 વાર્ષિક બજેટ હેડમાં ભૌતિકશાસ્ત્ર વિભાગના હાયર-ફી ફંડના પ્રયોગશાળા તથા રસાયણ ખર્ચમા કુલ રુપીયા 19,20,000-00ની દરખાસ્ત મંજુર **કરવી અને અંદાજપત્રીય જોગવાઈ આમેજ કરવી અને તદ્અનુસાર ખરીદી કરવા આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

<u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો :</u>

૩.૩ **સાધના સાપ્તાહિકના વિજ્ઞાપન આપવા અંગેના યુનિવર્સિટીને મળેલ તા.૦૫–૧૦–૨૦૨૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાધના સાપ્તાહિકને આખુ પેઈજ રૂા.૫૦,૦૦૦/– + રૂા. ૨,૫૦૦/– (જી.એસ.ટી.) = રૂા. ૫૨,૫૦૦ /–ની જાહેરાત આપવી.

વિભાગ – ૪ (બાંધકામ વિભાગ)

૪.૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કેમ્પસના G.H.Bhakta Management Building (MBA) બિલ્ડીંગ મુકવામાં આવેલ યુનિવર્સીટીના ૨૨ કે.વી.ના જોડાણવાળા ટ્રાન્સફોર્મરનર આ સાથે સામેલ ALT/O&M/Tech/8065 ડી.જી.વી.સી.એલ.ના પત્ર મુજબ ડી.જી.વી.સી.એલ. ની રજૂઆતને ધ્યાનમાં લઈ Addition, Alteration of Conversion of Existing Transformer From 22 KV to 11 KV Tap Changing, Oil, Breather,Colour ની કામગીરી કરાવવાની હોય જે માટે તા.૦૮-૦૭-૨૦૨૪ ના રોજની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ મુજબ GeM પર ઉપલબ્ધ ન હોય. સદર કામગીરી માટે પાર્ટીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવેલ હતા.જેથી મળેલ ભાવપત્રક ખોલવા માટે તા.૦૨/૦૮/૨૦૨૪ ના રોજની કાર્યાલય નોંધ મુજબ તા.૦૮/૦૮/૨૦૨૪ ના રોજ સક્ષમ અધિકારીઓ સમક્ષ ખોલવામાં આવ્યા હતા. જે અંતર્ગત નીચે મુજબ કુલ ૦૫ (ત્રણ) પાર્ટીઓ પાસેથી ભાવ મળેલ છે.

ક્રમ	પાર્ટીઓના નામ	તારીખ	આવક નંબર	ભાવ (Rs.)
1	SURAT TRANSFORMER	29-07-2024	11633	1,71,000/-
2	DEEPAK ELECTRICALS	31-07-2024	11724	1,79,000/-
3	RUDRA SHAKTI SUNRAY ENERGY SOLUTIONS	01-08-2024	11775	1,59,900/-
4	DESTINY ELECTRICAL	01-08-2024	11807	1,73,500/-
5	SANTOSHKUMAR M. RANGANI	01-08-2024	11809	1,87,800/-

ઉપરોક્ત તુલનાત્મક પત્રક ધ્યાને લેતા L1 પાર્ટી RUDRA SHAKTI SUNRAY ENERGY SOLUTIONS ભાવપત્રકો શરતોને આધીન સૌથી ઓછા ભાવનું એટલે કે Rs.1,59,900=00 ભાવપત્રક મળેલ છે. જે માટે અત્રેની વિભાગની કાર્યાલય નોંધ : ESTATE/ESTATE/ 018069/ 2024, તા.૦૯/૦૮/૨૦૨૪ પર મળેલ આદેશ મુજબ RUDRA SHAKTI SUNRAY ENERGY SOLUTIONS ને વર્કઓર્ડર આપવાની મંજુરી મળેલ છે. જે સદર બાબતની જાણ થવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.

૪.૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૨૪–૦૯ –૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૧ થી ૩૪ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણ – સમિતિના ઠરાવ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committeeની તા.: ૨૪–૦૯ –૨૦૨૪ ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૧ થી ૦૬ અને ૦૮ થી ૩૪થી કરેલ ભલામણનો પરિશિષ્ટ : ' ૨ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવામાં આવે છે અને તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવે છે તથા ભલામણ ક્રમાંક : ૦૭ ને પુનઃ વિચારણા માટે Building and Works Committee માં રજૂ કરવી.**

(પરિશિષ્ટ : ' ૨ ')

૪.૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૩૦–૦૯–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૦૧ થી ૦૫ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણ – સમિતિના ઠરાવ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની** Building and Works Committee **ની તા.: ૩૦– ૦૯–૨૦૨૪ ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૦૧ થી ૦૫થી કરેલ ભલામણનો પરિશિષ્ટ : ' ૩ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવામાં આવે છે અને તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવે છે.**

(પરિશિષ્ટ : ' ૩ ')

૪.૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ જગ્યાએ રીચાર્જીંગ બોરવેલ અને રેઈન વોટર હાર્વેસ્ટીંગ અને તેને અનુસંગીક કામગીરી કરાવવા માટે રૂા. ૧ કરોડની મર્યાદામાં કામગીરી કરાવવા અંગેનો ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ હેઠળ માન. કુલપતિશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જેની જાણ થવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૪.૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તાકીદની તા.: ૧૦–૧૦–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૦૧ થી ૧૨ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણ – બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટિના ઠરાવ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની **Building and Works Committee ની તાકીદની તા.: ૧૦–૧૦–૨૦૨૪ ના રોજની સભાની ભલામણ ક્રમાંક : ૦૧ થી ૦૪ અને ૦૬ થી ૧૨નો પરિશિષ્ટ : ' ૪ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરી તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી તથા ભલામણ ક્રમાંક : ૦૫ને પુનઃ વિચારણા માટે** Building and Works Committee માં રજૂ કરવી.

(પરિશિષ્ટ : ' ૪ ')

૪.૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સને ૨૦૨૫–૨૬ના વર્ષના સ્થાયી ખર્ચ તેમજ ચાલુ બાબતના અંદાજો રાજય સરકારને સને ૨૦૨૫–૨૦૨૬ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા માટેની નવી બાબતો અને ચાલુ બાબતોની (મહેસુલ અને મૂડી હેઠળની સને ૨૦૨૫–૨૬ની) નીચે મુજબની દરખાસ્તો ક્રમાંકઃવહી/૨ાસ/બજેટ/નબા/૨૦૯૯૫/૨૦૨૪ તા.:૨૮/૦૯/૨૦૨૪ના રોજના પત્રથી મોકલવામાં આવેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ	દરખાસ્તની વિગત	રકમ (રૂા.)
૧	નવી બાબતો / કામોની દરખાસ્ત મહેસુલ અને મૂડી હેઠળની સને ૨૦૨૫–૨૬ની નવી બાબતો (બિડાણ–૧)	૯૩,૭૦,૫૦,૦૦૦/–
૨	ચાલુ બાબતોની દરખાસ્તો સને ૨૦૨૫–૨૬ ના વર્ષનાં મહેસુલી / મૂડી ખર્ચના સ્થાયી ખર્ચના અંદાજો (બિડાણ–૨)	૩૬,૬૨,૫૦,૦૦૦/–
	કુલ	૧૩૦,૩૩,૦૦,૦૦૦/–

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સને ૨૦૨૫–૨૬ના વર્ષના સ્થાયી ખર્ચ તેમજ ચાલુ બાબતના અંદાજો રાજય સરકારને સને ૨૦૨૫–૨૦૨૬ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા માટેની નવી બાબતો અને ચાલુ બાબતોની (મહેસુલ અને મૂડી હેઠળની સને ૨૦૨૫–૨૬ની) ઉપરોકત મુજબની દરખાસ્તો ક્રમાંકઃવહી/૨ાસ/ બજેટ/નબા/ ૨૦૯૯૫/૨૦૨૪ તા.:૨૮/૦૯/૨૦૨૪ના રોજના પત્ર થી મોકલવામાં આવેલ છે, જેની નોંધ લેવામાં આવે છે.**

૪.૭. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે PM-USHA અંતર્ગત મળેલ રૂા. ૧૦૦/– કરોડના અનુદાનમાંથી તમામ પ્રોજેકટો માટેના જેતે કન્સલટન્ટ તરફથી રજૂ કરવામાં આવેલ DPR મંજૂર કરવા અને આગળની કાર્યવાહી કરવા Building and Works Committee ની તાકીદની તા.: ૧૦–૧૦–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૦૨ થી ની મંજૂરી આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાને ભલામણ કરવામાં આવે છે. તથા PM-USHA અંતર્ગત મળેલ રૂા. ૧૦૦/– કરોડના અનુદાનમાંથી તમામ પ્રોજેકટો માટેના નીચે મુજબના DPR સરકારશ્રીને જમાં કરાવવામાં આવેલ છ જે અંગે વિચારણા કરવા બાબત.**

Sr. No.	Name of Projects	Estimated Cost
1	Construction of International Boys Hostel Building	₹ 5,00,00,000
2	Construction of Quarters for Class Fourth Employee	₹ 4,50,00,000
3	Construction of Teaching Staff Quarters	₹ 14,00,00,000
4	Construction of Central Research And Development Center for Multidisciplinary Research and Innovation Building	₹ 25,00,00,000
5	Construction of Amphitheatre	₹ 6,40,00,000
6	Construction of Data Center	₹ 5,50,00,000
	Total	**₹ 60,40,00,000**
Sr. No.	**Name of Projects**	**Estimated Cost**

1	Extension of Various Departments (Grant-in-aid)	₹ 2,70,00,000
2	Upgradation of Exiting Grant-in-aid Class Rooms	₹ 4,50,00,000
3	Extension of Swimming Pool Building	₹ 3,60,00,000
4	Renovation & Upgradation of Swimming Pool Building	₹ 2,20,00,000
5	Upgradation of Existing Grant-in-aid Seminar Halls	₹ 3,00,00,000
6	Renovation of Exam and Assessment Building	₹ 1,75,00,000
7	Upgradation of Canteen for Students	₹ 25,00,000
	Total	**₹ 18,00,00,000**
	PM-USHA Instrumenatation	
Sr. No.	**Name of Equipment**	**Estimated Cost**
1	Classroom Facilities	₹ 6,00,00,000
2	Computers	₹ 2,00,00,000
3	Computer and Network Related Items	₹ 44,00,000
4	Computer Servers	₹ 6,00,000
5	E-Resources	₹ 1,50,00,000
6	Other Scientific Equipment	₹ 7,60,00,000
	Total	**₹ 17,60,00,000**
Sr. No.	**Name of Equipment**	**Estimated Cost**
1	Workshop	₹ 1,50,00,000
2	Seminar	₹ 1,00,00,000
3	Faculty Development Program (FDP)	₹ 1,50,00,000
	Total	**₹ 4,00,00,000**

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે **PM-USHA** અંતર્ગત મળેલ રૂા. ૧૦૦/– કરોડના અનુદાનમાંથી તમામ પ્રોજેકટો માટેના જેતે કન્સલટન્ટ તરફથી રજૂ કરવામાં આવેલ **DPR** મંજૂર કરવા અને આગળની કાર્યવાહી કરવા **Building and Works Committee** ની તાકીદની તા.: ૧૦–૧૦–૨૦૨૪ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૦૨ થી ની મંજૂરી આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાને ભલામણ કરવામાં આવે છે. તથા **PM-USHA** અંતર્ગત મળેલ રૂા. ૧૦૦/– કરોડના અનુદાનમાંથી તમામ પ્રોજેકટો માટેના ઉપરોકત મુજબના **DPR** સરકારશ્રીને જમાં કરાવવામાં આવેલ છે, જેની નોંધ લેવામાં આવે છે અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની હોવાથી આગળની તમામ ઘટતી કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૪.૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે ભૌતિકશાસ્ત્ર વિભાગના વિભાગીય વડાના આ સાથે સામેલ પત્રક્રમાંક : ભૌતિક/૪૮૮૮/૨૦૨૪ મુજબ બાયોટેકનોલોજી વિભાગમાંથી ઉપયોગમાં ન હોય તેવા આ સાથે સામેલ લીસ્ટ મુજબના સાધનો ભૌતિકશાસ્ત્ર વિભાગને આપવામાં આવેલ હતા. આ સાધનો શાળા કક્ષાએ ઉપયોગમાં લઈ શકાય તેમ છે અને સદર સાધનો ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ઉપયોગમાં આવી શકે તેમ ન હોય તો આ સાધનો કોઈJ શાળામાં આપવામાં આવે તો ત્યાં તેનો ઉપયોગ થઈ શકે તેમ છે. તો આવા સાધનો કોઈ જરૂર મંદ શાળામાં દાન સ્વરૂપે આપવાની પરવાનગી આપવા **અંગે વિચારણા કરવા બાબત.**

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે ભૌતિકશાસ્ત્ર વિભાગના વિભાગીય વડાના પત્રક્રમાંક : ભૌતિક/૪૮૮૮/૨૦૨૪ મુજબ બાયોટેકનોલોજી વિભાગમાંથી ઉપયોગમાં ન હોય તેવા સાધનો ભૌતિકશાસ્ત્ર વિભાગને આપવામાં આવેલ હતા. આ સાધનો શાળા કક્ષાએ ઉપયોગમાં લઈ શકાય તેમ છે અને સદર સાધનો ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ઉપયોગમાં આવી શકે તેમ ન હોય તો આ સાધનો કોઈ શાળામાં આપવામાં આવે તો ત્યાં તેનો ઉપયોગ થઈ શકે તેમ છે. તો આવા સાધનો ડેડ સ્ટોક પર દૂર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી કોઈ જરૂરમંદ શાળામાં દાન સ્વરૂપે આપવાની પરવાનગી આપવા મંજૂરી આપવામાં આવે છે.**

વિભાગ – ૫ (જોડાણ વિભાગ)

૫.૧ શૈક્ષણિક વર્ષ:૨૦૨૪–૨૦૨૫ દરમ્યાન **શ્રી જે. એસ. ભકતા એન્ડ શ્રી કે. એમ. ભકતા આર્ટસ શ્રી એ. એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન. એફ. શાહ કોમર્સ કોલેજ, ખોલવડ, સુરતની Post Graduate Diploma in Medical Laboratory Technology (PGDMLT)** સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨/૧૪–૦૩–૨૦૨૪ ની સભાનો ઠરાવ ક્રમાંક (૫.૩૩) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની નીચેની શરતો નું પરિપાલન કરવાની શરતે મંજૂર કરેલ છે. કોલેજ દ્વારા તે શરતોનું પરિપાલન કર્યાનો તા.૦૪–૦૫–૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ **:71/2024-25** અને તા.૦૭–૦૮–૨૦૨૪ના પત્ર ક્રમાંક : **:185/2024-25** થી રજૂ કરેલ અહેવાલ **માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમિક કાઉન્સિલ વતી મંજુર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે જે પર વિચારણા કરવા બાબત....**

ક્રમ	સિન્ડિકેટે મૂકેલ શરતની વિગત	પરિપાલન માટે લીધેલ પગલાંની વિગત	કાર્યાલય નોંધ
૧	લાઈબ્રેરી માટે **NEP** અભ્યાસક્રમ અનુસાર પુસ્તકો વસાવવા.	લાયબ્રેરી માટે પુસ્તકો ખરીદી લીધેલ છે. બીલ ની નકલ સામેલ છે. (બિડાણ–૧)	**પરિપાલન થયેલ છે.**
૨	લેબોરેટરીમાં જરૂરી રસાયણોની તથા સાધનોની ખરીદી કરવી.	લેબોરેટરી માટે જરૂરિયાત મુજબના રસાયણ અને સાધનોની ખરીદી કરવામાં આવેલ છે. બીલની નકલ સામેલ છે. (બિડાણ–૨)	**પરિપાલન થયેલ છે.**
૩	સરકારશ્રી તથા યુનિવર્સિટીના વખતો વખતના નિયમોનું પાલન કરવું.	સરકારશ્રી તથા યુનિવર્સિટીના વખતો વખતના નિયમોનું પાલન કરવામાં આવશે.	**પરિપાલન કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિક વર્ષ:૨૦૨૪–૨૦૨૫ દરમ્યાન શ્રી જે. એસ. ભકતા એન્ડ શ્રી કે. એમ. ભકતા આર્ટસ શ્રી એ. એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન. એફ. શાહ કોમર્સ કોલેજ, ખોલવડ, સુરતની **Post Graduate Diploma in Medical Laboratory Technology (PGDMLT)** સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨/૧૪–૦૩–૨૦૨૪ ની સભાનો ઠરાવ ક્રમાંક (૫.૩૩) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે મંજૂર કરેલ છે. કોલેજ દ્વારા તે શરતોનું પરિપાલન કર્યાનો તા.૦૪–૦૫–૨૦૨૪ના પત્ર ક્રમાંક: **:71/2024-25** અને તા.૦૭–૦૮–૨૦૨૪ના પત્ર ક્રમાંક : **:185/2024-25** થી રજૂ કરેલ અહેવાલ **માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમિક કાઉન્સિલ વતી મંજુર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે,** જે અહેવાલની નોંધ લઈ શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪–૨૦૨૫નું ચાલુ જોડાણ મંજૂર કરવામાં આવે છે.

૫.૨ **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત**માં ચાલતા નીચે મુજબના અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની ત્રણ / પાંચ વર્ષની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા NMC ની માર્ગદર્શિકા મુજબ ત્રણ / પાંચ વર્ષ માટે રેકગ્નાઈઝ કરેલ હોય, જે મુજબ સ્થાનિક તપાસ સમિતિએ નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે ત્રણ / પાંચ વર્ષની ભલામણ કરેલ છે. જે ભલામણને સિન્ડિકેટની તા.૨૮–૦૬–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૮૩) અન્વયે નીચે દર્શાવેલ અભ્યાસક્રમોનું ત્રણ / પાંચ વર્ષ માટેનું ચાલુ જોડાણ જે શરતોનું પરિપાલન કરવાની શરતે મંજુર કરેલ છે. તે શરતોનું પરિપાલન કર્યાનો કોલેજના ડીનશ્રીએ તા.૧૦–૦૯–૨૦૨૪ના પત્રક્રમાંક : સ્મીમેર/૨૨૩૨ થી રજુ કરેલ અહેવાલ માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમિક કાઉન્સિલ વતી મંજુર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.....

ક્રમ	અભ્યાસક્રમ	અભ્યાસક્રમની NMC ની મંજૂરીની વિગત	એલ.આઈ.સી.ની ભલામણ
(૧)	(૨)	(૩)	(૪)
1	M.D.-Respiratory Medicine	**No.MCI-94(22)/2016-Med./157721, Dt.05-01-2017.** U.12012/491/2015-ME-I(pt.13), Dt.27/02/2020 MCI-23(1)(EWS)2019-Med./195914, Dt.27/02/2020	પાંચ (૫) વર્ષ.
2	M.D.-Anatomy	**No.MCI-94(22)/2016-Med./158812, Dt.07-11-2017**	પાંચ (૫) વર્ષ.
3	M.D.-Forensic Medicine	**No.MCI-94(22)/2016-Med./158817, Dt.07-11-2017.**	પાંચ (૫) વર્ષ.
4	M.D.-Biochemistry	**No.MCI-94(22)/2017-Med./143770, Dt.11-10-2017.**	પાંચ (૫) વર્ષ.
5	M.D.-Pharmacology	**No.MCI-94(22)/2017-Med./143765, Dt.11-10-2017.**	પાંચ (૫) વર્ષ.
6	M.D.-Radio Diagnosis	**No.MCI-94(22)/2017-Med./143003, Dt.09-10-2017.** MCI-94(22)2019-Med./155881, Dt,18/10/2019	પાંચ (૫) વર્ષ.
7	M.D.-Dermatology Venerology & Leprosy	**No.MCI-94(22)/2019/MCI/135668, Dt.03-08-2019. NMC/MCI-317(22)2020/Med./010186, Dt.23/08/2021**	પાંચ (૫) વર્ષ.
8	M.D.-Psychiatry	**No.MCI-94(22)/2019-Med./195537, Dt.27-02-2020.**	**ત્રણ (૩) વર્ષ.**
9	Radio Imaging Technician (Certificate Course)		પાંચ (૫) વર્ષ.

શરત પરિપાલન કર્યાનો અહેવાલ

શરત	સિન્ડિકેટે મૂકેલ શરતની વિગત	પરિપાલન માટે લીધેલ પગલાંની વિગત	કાર્યાલય નોંધ
૧	વખતો વખત અમલમાં આવતાં યુનિ નાં ધારા ધોરણનો ચુસ્તપણે પાલન કરવાના રહેશે.	સ્મીમેર મેડીકલ કોલેજ યુનિવર્સિટીના વખતો વખતના નિતીનિયમોને અનુસરે છે તેમજ તેનો અમલ પણ કરે છે.	**કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.**
૨	NMC/MCI ના વખતો વખત પ્રસિધ્ધ થતાં નિયમો / ગાઈડલાઈનનો અમલ કરવાનો રહેશે.	સ્મીમેર મેડીકલ કોલેજ MCI/NMC ના ગાઈડલાઈનને અનુસરે છે તેમજ તેનો અમલ પણ કરે છે.	**કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરતમાં ચાલતા ઉપરોકત મુજબના અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની ત્રણ / પાંચ વર્ષની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા NMC ની માર્ગદર્શિકા મુજબ ત્રણ / પાંચ વર્ષ માટે રેકગ્નાઈઝ કરેલ હોય, જે મુજબ સ્થાનિક તપાસ સમિતિએ ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે ત્રણ / પાંચ વર્ષની ભલામણ કરેલ છે. જે ભલામણને સિન્ડિકેટની તા.૨૮– ૦૬–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૮૩) અન્વયે ઉપરોકત દર્શાવેલ અભ્યાસક્રમોનું ત્રણ / પાંચ વર્ષ માટેનું ચાલુ જોડાણ જે શરતોનું પરિપાલન કરવાની શરતે મંજુર કરેલ છે. તે શરતોનું પરિપાલન કર્યાનો કોલેજના ડીનશ્રીએ તા.૧૦–૦૯ –૨૦૨૪ના પત્રક્રમાંક : સ્મીમેર/૨૨૩૨ થી રજુ કરેલ અહેવાલ માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમિક કાઉન્સિલ વતી મંજુર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ હોય,** જે અહેવાલની નોંધ લઈ શરતોના પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણ મંજૂર કરવામાં આવે છે.

૫.૩ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ માટે નવું જોડાણ મેળવવા માંગતી નીચે જણાવેલ કોલેજોને ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, બ્લોક નં ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના નીચે જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પુર્વમંજુરી આપવામાં આવેલ છે, જેની જાણ સારું.

ક્રમ	ટ્રસ્ટનું નામ	કોલેજનું નામ અને સરનામું	અભ્યાસક્રમ	શૈક્ષણિક વર્ષ	સરકારશ્રીના પત્ર ક્રમાંક અને તારીખ
૧	પી.એન્ડ.વી.એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,ઓલપાડ,સુરત	જે.એન્ડ.ડી.ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ કોલેજ, ગુલશન બેરહાની નગર, બંસરી ટેક્ષ્ટાઈલ પાર્ક રોડ, મુ.પીપોદરા, તા.માંગરોળ, જિ.સુરત	બી.એસસી. નર્સિંગ.	૨૦૨૨ –૨૩	તા.૧૮–૦૯–૨૦૨૪ પત્ર ક્રમાંકઃ દગજ/ ૨૦૨૪/૨૧૬/ખ.૧
૨	શ્રીમતી નિર્મલાદેવી રૂકમણીદેવી ટ્રસ્ટ, ૨૦૬, સેન્ટર પોઈન્ટ, રીંગરોડ, સુરત	પ્રાઈમ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ મેનેજમેન્ટ, ૨૭૮, ગામઃ મરોલી–ઉભરાટ રોડ, નવસારી	બી.સી.એ. (બે ડિવિઝન)	૨૦૨૩ –૨૪	તા.૧૮–૦૯–૨૦૨૪ પત્ર ક્રમાંકઃ દગજ/ ૨૦૨૪/ ૧૩૦/ ખ.૧

(નોંધઃ– સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરીનો પત્ર આ સાથે સામેલ છે.જે વિદિત થાય છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ માટે નવું જોડાણ મેળવવા માંગતી ઉપરોકત જણાવેલ કોલેજોને ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, બ્લોક નં ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના ઉપરોકત જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પુર્વમંજુરી આપવામાં આવેલ છે, જેની નોંધ લેવામાં આવે છે.**

<u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો :</u>

૫.૪ યુનિવર્સિટી સંલગ્ન શ્રી શંભુભાઈ વી.પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેશ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે સુરત મહાનગરપાલિકા દ્વારા નોટીસ પાઠવવાની તા.૨૩–૦૯–૨૦૨૪ નાં સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ સમાચાર અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૫/૦૯/૨૦૨૪ ના પત્રક્રમાંકઃ (જોડાણ)/૨૦૭૨૩/૨૦૨૪ થી સદર કોલેજમાં ગેરકાયદેસર બાંધકામ અંગે હકીકતલક્ષી અહેવાલ માંગતા કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૦૫/૧૦/૨૦૨૪ ના પત્રક્રમાંકઃ૦૮૮/૨૦૨૪– ૨૦૨૫ સાથે કોલેજ દ્વારા સુરત મહાનગર પાલીકાને જમા કરાવેલ અહેવાલની નકલ અત્રે જમા કરાવેલ હોય, જે અહેવાલ **પર વિચારણા કરવા બાબત.**

(નોંધઃ– સુરત મહાનગર પાલીકાને આપવામાં આવેલ પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી સંલગ્ન શ્રી શંભુભાઈ વી.પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેશ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે સુરત મહાનગરપાલિકા દ્વારા નોટીસ પાઠવવાની તા.૨૩–૦૯–૨૦૨૪ નાં સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ સમાચાર અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૫/૦૯/૨૦૨૪ ના પત્રક્રમાંકઃ (જોડાણ)/૨૦૭૨૩/૨૦૨૪ થી સદર કોલેજમાં ગેરકાયદેસર બાંધકામ અંગે હકીકતલક્ષી અહેવાલ માંગતા કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૦૫/૧૦/૨૦૨૪ ના પત્રક્રમાંકઃ૦૮૮/૨૦૨૪– ૨૦૨૫ સાથે કોલેજ દ્વારા સુરત મહાનગર પાલીકાને જમા કરાવેલ અહેવાલની નકલ અત્રે જમા કરાવેલ હોય, જે અહેવાલની નોંધ લેવામાં આવે છે અને વિદ્યાર્થીઓને કોઈ અગવડ ન પડે તેમજ જાનમાલનું નુકશાન ન થાય અને સલામતીનું પુરેપુરૂ ધ્યાન રાખવાની બાહેંધરી પત્રક રજૂ કરવા સંસ્થાને જાણ કરવી.

૫.૫ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમમાં **ઓર્ડિનન્સ ૦.૬૬(૨)(A)** મુજબ કુલ ઈન્ટેક કરતા ઓછા પ્રવેશ થાય તો કુલ ઈન્ટેકના ૭૫ % બેઠકોની સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફંડ જમા કરાવવાની જોગવાઈ અને સિન્ડિકેટની તા.૦૭–૧૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૧૪) અન્વયે એમ.એસ.સી સ્વનિર્ભર / હાયર પેમેન્ટ પ્રોગ્રામમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી પ્રવેશની **E.W.S.** સહિતની કુલ્લે બેઠકો પર નીચે મુજબ ડેવલપમેન્ટ ફંડ પ્રતિ સ્ટુડન્ટ સ્વીકારવા કરેલ ઠરાવ મુજબ નીચે ક્રમાંક (૧) થી (૪) ની વિગતે જમા લેવામાં આવે છે. સદરહું બાબતે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીએ તા.૧૦/૧૦/૨૦૨૪ ના પત્રથી પોસ્ટ ગ્રેજયુએટ સેલ્ફ– ફાઈનાન્સ કોલેજના ડેવલેપમેન્ટ ફંડ માટેના **ઓર્ડિનન્સ ૦.૬૬(૨)(A)** મુજબ જેટલા વિદ્યાર્થીઓના પ્રવેશ થયા હોય તેના કરતાં વધુ વિદ્યાર્થીઓની ડેવલેપમેન્ટ ફંડ જમા કરાવવાનું હોય, જેથી સંસ્થાને વધારાનું આર્થિક ભારણ પડતું હોય, કોલેજમાં જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય, તેટલા જ વિદ્યાર્થીઓની સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફંડ ભરવા માટે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત....

- **એમ.એસ.સી સ્વનિર્ભર / હાયર પેમેન્ટ પ્રોગ્રામમાં** સિન્ડિકેટની તા.૦૭–૧૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક :(૧૪) અન્વયે **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી** પ્રવેશની **E.W.S.** સહિતની કુલ્લે બેઠકો પર નીચે મુજબ ડેવલપમેન્ટ ફંડ પ્રતિ સ્ટુડન્ટ **લેવામાં આવે છે.**

  (૧) કુલ્લે સીટના ૨૪.૯૯ % પ્રવેશ થયેલ હોય તો લઘુત્તમ ૨૫ % ફંડ જમા કરાવવું.
  (૨) કુલ્લે સીટના ૨૫ % થી ૪૯.૯૯ % પ્રવેશ થયેલ હોય પો લઘુત્તમ ૫૦ % ફંડ જમા કરાવવું.
  (૩) કુલ્લે સીટના ૫૦ % થી ૭૪.૯૯ % પ્રવેશ થયેલ હોય તો લઘુત્તમ ૭૫ % ફંડ જમા કરાવવું.
  (૪) કુલ્લે સીટના ૭૫ % થી વધુ પ્રવેશ થયેલ હોય તો ૧૦૦ % ફંડ જમા કરાવવું.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમમાં **ઓર્ડિનન્સ ૦.૬૬(૨)(A)** મુજબ કુલ ઈન્ટેક કરતા ઓછા પ્રવેશ થાય તો કુલ ઈન્ટેકના ૭૫ % બેઠકોની સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફંડ જમા કરાવવાની જોગવાઈ અને સિન્ડિકેટની તા.૦૭–૧૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૧૪) અન્વયે એમ.એસ.સી સ્વનિર્ભર / હાયર પેમેન્ટ પ્રોગ્રામમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી પ્રવેશની **E.W.S.** સહિતની કુલ્લે બેઠકો પર નીચે મુજબ ડેવલપમેન્ટ ફંડ પ્રતિ સ્ટુડન્ટ સ્વીકારવા કરેલ ઠરાવ મુજબ નીચે ક્રમાંક (૧) થી (૪) ની વિગતે જમા લેવામાં આવે છે. સદરહું બાબતે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીએ તા.૧૦/૧૦/૨૦૨૪ ના પત્રથી પોસ્ટ ગ્રેજયુએટ સેલ્ફ– ફાઈનાન્સ કોલેજના ડેવલેપમેન્ટ ફંડ માટેના **ઓર્ડિનન્સ .૬૬(૨)(A)** મુજબ જેટલા વિદ્યાર્થીઓના પ્રવેશ થયા હોય તેના કરતાં વધુ વિદ્યાર્થીઓની ડેવલેપમેન્ટ ફંડ જમા કરાવવાનું હોય, જેથી સંસ્થાને વધારાનું આર્થિક ભારણ પડતું હોય, કોલેજમાં જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય, તેટલા જ વિદ્યાર્થીઓની સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફંડ ભરવા માટે કરેલ વિનંતી સંદર્ભે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫થી કોલેજમાં જે તે અભ્યાસક્રમના પ્રથમ, તૃતિય, પાંચમાં અને સાતમાં સત્ર દરમ્યાન વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈને વિદ્યાર્થી દીઠ સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફંડ કોલેજોએ જમા કરાવવાનું રહેશે તથા તદ્અનુસાર ઓર્ડિનન્સમાં સુધારો કરવો.

૫.૬ શૈક્ષણિક વર્ષ 2025-26 દરમ્યાન નવા જોડાણ માટે કરેલ જોડાણ અરજી સ્ટેચ્યૂત 275 મુજબ બોર્ડ ઓફ ડીન્સની સભામાં સ્કૂટીની માટે રજૂ કરતાં બોર્ડ ઓફ ડીન્સની સમિતિની તા. 01-10-2024 ના રોજ યુનિવર્સિટી ખાતે મળેલ સભાએ ક્રમાંક: (1) (અ) થી નીચે મુજબ કરેલ ભલામણને માન. કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી નોંધ લેવા સાથે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રજૂ કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૧) શૈક્ષણિક વર્ષ 2025-26 ની નવા જોડાણની અરજી સંદર્ભમાં :

(અ) જે પ્રોગ્રામ એપેક્ષ બોડી (AICTE,INC,NMC,BCI અને અન્ય કાઉન્સિલ) ની માન્યતા અને મંજૂરી મુજબ ચલાવવામાં આવનાર છે તે બાબતે ૧ ઓગસ્ટ ૨૦૨૪ થી અમલમાં આવેલ સ્ટેચ્યુટ માં પ્રોગ્રામના જોડાણની મંજૂરી/માન્યતાની કાર્યવાહી એપેક્ષ બોડીના ધારા ધોરણ અનુસાર આપવી કે UGC કે રાજ્ય સરકારના ધારા ધોરણ અનુસાર કાર્યવાહી કરવી તે બાબતે સ્પષ્ટતા ન હોય સ્ટેચ્યૂટ ૨૭૬(૨) મુજબ જોડાણ મંજૂર કરવાની સત્તા એકેડેમિક કાઉન્સિલને હોય તે ધ્યાને લઈ એકેડેમિક કાઉન્સિલનું માર્ગદર્શન મેળવવા ભલામણ કરવામાં આવે છે.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિક વર્ષ 2025-26 દરમ્યાન નવા જોડાણ માટે કરેલ જોડાણ અરજી સ્ટેચ્યૂત 275 મુજબ બોર્ડ ઓફ ડીન્સની સભામાં સ્કૂટીની માટે રજૂ કરતાં બોર્ડ ઓફ ડીન્સની સમિતિની તા. 01-10-2024 ના રોજ યુનિવર્સિટી ખાતે મળેલ સભાએ ક્રમાંક: (1) (અ) થી **ઉપરોકત** મુજબ કરેલ ભલામણને માન. કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી નોંધ લેવા સાથે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રજૂ કરવા કરેલ ભલામણ **સંદર્ભે એકેડેમિક કાઉન્સિલની રચના થયેલ ન હોય એકેડેમિક કાઉન્સિલ વતી નિર્ણય લેવા બોર્ડ ઓફ ડીન્સને સત્તા આપવામાં આવે છે તથા બોર્ડ ઓફ ડીન્સના નિર્ણય પર અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૫.૭ શૈક્ષણિક વર્ષ 2025-26 દરમ્યાન નવા જોડાણ માટે કરેલ જોડાણ અરજી સ્ટેચ્યૂત 275 મુજબ બોર્ડ ઓફ ડીન્સની સભામાં સ્કૂટીની માટે રજૂ કરતાં બોર્ડ ઓફ ડીન્સની સમિતિની તા. 01-10-2024 ના રોજ યુનિવર્સિટી ખાતે મળેલ સભાએ ક્રમાંક: (1) (બ) થી નીચે મુજબ કરેલ ભલામણને માન. કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી નોંધ લેવા સાથે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રજૂ કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૧) શૈક્ષણિક વર્ષ 2025-26 ની નવા જોડાણની અરજી સંદર્ભમાં :

(બ) અરિહંત ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ, સુરત દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26 દરમ્યાન બેચલર કોર્ષ ઈન જવેલરી ડિઝાઈન ડિગ્રી કોર્ષ શરુ કરવાની નવા જોડાણની અરજી સંદર્ભમાં સ્ટેચ્યુત 278 મુજબ પ્રેસ્ટિજીયસ મેનેજમેન્ટ સ્કિલ પ્રોવાઈડર દ્વારા NEP 2023 અંતર્ગત શરુ કરવાના સ્ટેચ્યુત 278માં જોડાણ (૫) વર્ષ સ્ટેચ્યુટ (૨૦૮) માં મંજૂરી આપવાની જોગવાઈ છે પરંતુ ટ્રસ્ટના આર્થિક સધ્ધરતા,જમીન બાબતે કોઈ સ્પષ્ટતા ન હોય તેની જાણ સાથે જોડાણની કાર્યવાહી સ્ટેચ્યુત 278 અંતર્ગત કરવા બાબતે એકેડેમિક કાઉન્સિલનું માર્ગદર્શન મેળવવા સમિતિ ભલામણ કરે છે.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિક વર્ષ 2025-26 દરમ્યાન નવા જોડાણ માટે કરેલ જોડાણ અરજી સ્ટેચ્યૂત 275 મુજબ બોર્ડ ઓફ ડીન્સની સભામાં સ્કૂટીની માટે રજૂ કરતાં બોર્ડ ઓફ ડીન્સની સમિતિની તા. 01-10-2024 ના રોજ યુનિવર્સિટી ખાતે મળેલ સભાએ ક્રમાંક: (1) (બ) થી **ઉપરોકત** મુજબ કરેલ ભલામણને માન. કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી નોંધ લેવા સાથે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રજૂ કરવા કરેલ ભલામણ **સંદર્ભે એકેડેમિક કાઉન્સિલની રચના થયેલ ન હોય એકેડેમિક કાઉન્સિલ વતી નિર્ણય લેવા બોર્ડ ઓફ ડીન્સને સત્તા આપવામાં આવે છે તથા બોર્ડ ઓફ ડીન્સના નિર્ણય પર અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

વિભાગ – ૬ (વહીવટી વિભાગ)

૬.૧ ગુજરાત વિધાનસભા દ્વારા કરવામાં આવેલ ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ને શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના તા.૦૫/૧૦/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:GH/SH/34/GCU /2023/470/KH-1 થી તા.૦૯/૧૦/૨૦૨૩ના રોજથી લાગુ કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૩૧/૦૭/૨૦૨૪ના STATUTES લાગુ પાડવામાં આવેલ છે. જેના STATUTES :158 મુજબ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની રજા મંજુર કરવાની સત્તા નીચે મુજબ છે.

Sr No.	Category	Kind of Leave's	Authority
1.	Dean of Faculty/Director of the School/Principal of Colleges/Head of the Institution/Registrar and other equivalent posts	All Kinds of leaves	Vice-Chancellor
2.	Head of the Department/ Director of the School	All Kinds of leaves	Vice-Chancellor
3.	All teacher	Casual leave	Head of the Department/ Director of the School
4.	All teacher	All Kinds of leaves accept casual leaves	Vice-Chancellor
5.	Non-Teaching Staff Group A and B	All Kinds of leaves	Registrar
6.	Non-Teaching Staff Group C and D	All Kinds of leaves	Registrar

રજાઓ મંજુર કરવા અર્થે ઉપરી અધિકારીઓશ્રી પાસે વહીવટી ભારણ ખુબ વધી જાય છે. તેથી વહીવટી ભારણ ઘટાડવા માટે સદર રજાઓ કયા લેવલ (સ્તર) સુધી મંજુર કરવાની સત્તા સોપણી કરવા અંગે નીચે મુજબનો એક્ટ અવલોકનમાં લઈ વિચારણા કરવા સારું.

Act.-15 Powers and duties of Board of Management (ff) "to delegate any of its powers, except the power to make amend or repeal Statutes and Ordinance, to the Vice-Chancellor or such office or authority of the university or a committee appointed by it, as it thinks fit."

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની રજા મંજુર કરવાની સત્તા નીચે મુજબ નિયત કરવામાં આવે છે.

Sr No.	Category	Kind of Leave's	Authority
1.	Head of the Department, Registrar and other equivalent posts	All Kinds of leaves	Vice-Chancellor
2.	All Permanent Teacher	Casual leave	Head of the Department
3.	All Permanent Teacher	Other leaves except casual leaves	EL/HPL/SL up to 7 days - Head of the Department and Other Leaves and EL/ HPL/SL more than 7 days - Vice-Chancellor
4.	All Permanent Non-Teaching Staff Group A & B	All Kinds of leaves	Registrar
5.	All Permanent Non-Teaching Staff Group C & D	Casual Leave	Head of the Department/ Section
6.	All Permanent Non-Teaching Staff Group C & D	Other Leaves except Casual Leave	EL/HPL/SL up to 7 days - Head of the Department/ Section and

			Other Leaves and EL/ HPL/SL more than 7 days - Registrar
7.	All Contractual/Temporary Teaching and Non Teaching Staff	Casual Leave	Head of the Department/ Section

.

૬.૨ બાયોસાયન્સ વિભાગની તા.૨૦/૦૮/૨૦૨૪ તથા તા.૦૩/૦૯/૨૦૨૪ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ અનુસાર યુનિવર્સિટીના વિવિધ વિભાગોનાં અભ્યાસ પ્રવાસો માટે S.O.P. બનાવવા માટે નિયુક્ત સમિતિની તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મળેલ સભા દ્વારા યુ.જી.સી. તથા ગુજરાત સરકારની અભ્યાસ પ્રવાસ અંગેની ગાઈડલાઈન્સને અનુસરીનેયુનિવર્સિટીના વિવિધ વિભાગોના અભ્યાસ પ્રવાસોના આયોજન કરવા માટે S.O.P. તૈયાર કરવામાં આવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિભાગની તા.૨૦/૦૮/૨૦૨૪ તથા તા.૦૩/૦૯/ ૨૦૨૪ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ અનુસાર યુનિવર્સિટીના વિવિધ વિભાગોનાં અભ્યાસ પ્રવાસો માટે S.O.P. બનાવવા માટે નિયુક્ત સમિતિની તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મળેલ સભા દ્વારા યુ.જી.સી. તથા ગુજરાત સરકારની અભ્યાસ પ્રવાસ અંગેની ગાઈડલાઈન્સને અનુસરીને યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અભ્યાસ પ્રવાસોના આયોજન કરવા માટે S.O.P. તૈયાર કરવામાં આવેલ છે, જેનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

૬.૩ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને વડાશ્રી ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલની તા.30/09/ 2024 ની "ક્લાસ-1 અધિકારી નહીં હોવાનું સર્ટિફિકેટ મેળવવા બાબત"ની અરજી અવલોકનમાં લેવા વિનંતી. પ્રસ્તુત અરજીમાં જણાવ્યાનુસાર તેઓશ્રી "ગુજરાત સરકારની સીધી ભરતીથી નિમણૂક પામેલ નથી તેથી તેઓને ક્લાસ-1 અધિકારી તરીકે ગણવામાં આવતા નથી" તેવું પ્રમાણપત્ર આપવા વિનંતી કરેલ છે. સદર બાબતે, 'ધ ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેટ્યુટ્સ, 2024' ના Chapter – XI "General Rules of Code of Conduct for Employees (Teaching and Non-Teaching Staff)(Under Section 20(i), 20(k) and 20(l) of the Act)" માં "Classification of posts" માં દર્શાવ્યા અનુસાર Professor ને Group A (PML-11 and above) માં વર્ગીકૃત કરવામાં આવેલ છે. પ્રસ્તુત સ્ટેટયૂટમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓના વર્ગીકરણ અંગે Class – I, II, III, IV એવો કોઈ ઉલ્લેખ નથી પરંતુ Group – A, B, C, D માં વર્ગીકૃત કરવામાં આવેલ છે. જે અવલોકનમાં લઈ સદર પ્રકારનું પ્રમાણપત્ર તેઓશ્રીને કે અન્યને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, □□□□□□□□□□□□□□ □□□□□□□□□□□□□□ □□□□□□□ □□□□□□□□□ □□□ □□□□□□□□ □□. □□□□□□□□□ □□. □□□□ની વિનંતી સંદર્ભે સ્ટેચ્યુટની જોગવાઈ અનુસાર Group – Aનું પ્રમાણપત્ર આપવું.**

૬.૪ ગુજરાત સરકાર, સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૧૫૧૯–પાર્ટ– ૧– ક તારીખઃ ૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી સીસીસીની પરીક્ષા લેવાની કામગીરી/આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને સોપવામાં આવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૧૫/૦૭/૨૦૨૪ ની નોંધના આદેશાનુસાર સીસીસી પરીક્ષામાં સંકળાયેલ અધિકારશ્રી અને કર્મચારીઓનું મહેનતાણાંમાં વધારો કરવા અંગે સમિતિના સભ્યોની નિમણૂંક કરવામાં આવતા સદર સમિતિની સભા તા.૨૪/૦૭/૨૦૨૪ ના રોજ વહીવટી ભવન ખાતે મળેલ હતી. જે સમિતિ સભ્યોનો આ સાથે સામેલ અહેવાલ તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા સમક્ષ રજુ કરતા નીચે મુજબ ઠરાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવેલ છે કે, સદર બાબત અહેવાલ સાથે આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજુ કરવી.

ઉપરોકત ઠરાવ અવલોકનમાં લઈ આ સાથે સામેલ અહેવાલ અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૧૫૧૯–પાર્ટ–૧–ક તારીખઃ૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી સીસીસીની પરીક્ષા લેવાની કામગીરી/આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને સોપવામાં આવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૧૫/૦૭/૨૦૨૪ની નોંધના આદેશાનુસાર સીસીસી પરીક્ષામાં સંકળાયેલ અધિકારીશ્રી અને કર્મચારીઓનું મહેનતાણાંમાં વધારો કરવા અંગે સમિતિના સભ્યો દ્વારા રજૂ કરેલ અહેવાલનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર કામગીરી સાથે સંબંધિત અન્ય જગ્યાઓની કામગીરીના મહેનતાણાંમાં સુધારો વધારો કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિ પર નિયુકિત કરવી.

(૧) ડૉ. જે. એમ. ઢીમ્મર (૨) ડૉ. પંકજસિંહ ઠાકોર (૩) ડૉ. કમલેન્દુ પાંડે

૬.૫ યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં મહેકમ અનુસારની કુલ 72 ખાલી શૈક્ષણિક જગ્યા કાયમી ધોરણે ભરાય નહિ ત્યાં સુધી **Temporary Assistant Professor** તરીકે રૂ.40,000/- ના માસિક ફિક્સ પગારે નિમણૂક કરવા અંગે સિન્ડિકેટની તા.૧૩/૦૧/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક: ૭૦ થી સમિતિનો અહેવાલ સ્વીકાર કરી જાહેરાત આપી નિમણૂકની આગળની ઘટતી કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ હતી જે અન્વયે મળેલ આદેશ અન્વયે તા. ૨૦/૦૧/૨૦૨૪ થી વિવિધ નીચે મુજબ અનુસ્નાતક વિભાગો માટે જાહેરાત ક્રમાંક: GAD/TAP/E.N./1734/2024 થી નિયમાનુસાર વર્તમાન પત્રમાં જાહેરાત આપી ઓનલાઈન અરજી કરવા અને 02 હાર્ડ કોપી મંગાવવામાં આવેલ હતી તથા બોર્ડ ઓફ મેનેજમેંટની તા.૦૩/૦૨/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૩ થી આગળની ભરતી પ્રક્રિયાની કાર્યવાહી કરવા સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવેલ હતી. સદર જાહેરાત અન્વયે આદેશ અનુસાર પસંદગી સમિતિની સભાનું આયોજન તા.૧૦/૦૯/૨૦૨૪ થી તા.૧૨/૦૯/૨૦૨૪ દરમ્યાન વહીવટી ભવન ખાતે કરવામાં આવેલ હતું જે અન્વયે વિવિધ અનુસ્નાતક ગ્રાન્ટ ઈન એઈડ વિભાગોની પસંદગી સમિતિની સભાની કાર્યવાહી બંધ કવરમાં અત્રેના વિભાગને મળેલ હતી જે આદેશાનુસાર બોર્ડ ઓફ મેનેજમેંટ સમક્ષ રજૂ થતાં બોર્ડ ઓફ મેનેજમેંટની તા.૧૩-૧૮/૦૯/૨૦૨૪ ની **સભાના ઠરાવ ક્રમાંક:** ૬.૩૪ અવલોકનમાં લઈ વિવિધ ગ્રાન્ટ ઈન એઈડ વિભાગોમાં પસંદગી સમિતિની કાર્યવાહી/ભલામણ મુજબ પસંદગી પામેલ ઉમેદવારોની નિમણૂક કરવામાં આવેલ છે જે અન્વયે નીચે મુજબ વિભાગોમાં ફોર્મેટમાં દર્શાવ્યા અનુસાર Reservation હતું જેમાં પસંદગી સમિતિની કાર્યવાહી ને આધીન ઉમેદવાર ન મળતા મા.કુલપતિશ્રી દ્વારા Reservation Convert કરી પસંદગી પામેલ ઉમેદવારોની નિમણૂક કરવા લીધેલ પગલાની નોંધ લેવા બાબત.

:: Details of Vacancy and Reservation:

Sr No	Name of Department	No. of Position	OPEN	SEBC	SC	ST	EWS
01	Physics	07	02 01 WOMEN	02	00	01	**01 PwD**
02	Economics	07	01 01 WOMEN	**01 PwD** 01	01 WOMEN	01	01 WOMEN
03	Gujarati	02	01	00	00	00	**01**
04	Education	04	**02** 01 WOMEN	01 WOMEN	00	00	00

ઉપરોક્ત Reservation માં પસંદગી સમિતિ દ્વારા નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર Reservation Convert કરી ઉમેદવારોની નિમણૂક કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.

Sr No	Name of Department	Reservation & No. of Position	Converted Category	Name of Selected Candidate, Designation & Qulification
01	Physics	EWS –PwD-1	**EWS**	Dr.Amee Anilbhai Kakadiyanee – TAP – Ph.D.
02	Economics	SEBC-PwD -1	**OPEN**	Mr.Amitbhai Amarsinghbhai Valvi – TAP - GSET
03	Gujarati	EWS-1	**SEBC**	Dr. Arti Panchal – TAP- Ph.D.,GSET
04	Education	OPEN-1	OPEN -**ST**	Mrs. Karishmaa Ratilalbhai Patel – TAP- GSET

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.

૬.૬ યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારિત જિમ ટ્રેનર,સ્વિમિંગ કોચ તથા એથ્લેટિકસ કોચ,ડ્રાઈવર અને કાઉન્સેલર કમ ક્લાર્કની સેવા લેવા અંગે લાયકાત ધોરણ નક્કી કરવા કાર્યાલયની તા.:31/07/2024 તથા તા.:12/09/2024 ની નોંધ ૫૨ મળેલ આદેશાનુસાર કામચલાઉ સેવાની જરૂરીયાત માટે ઉમેદવારો પાસે તા.29/04/2024 રાત્રે 12:00 કલાક સુધી ઓનલાઈન અરજી કરવા અંગે વર્તમાનપત્રમાં જાહેરાત સંદર્ભમાં જિમ ટ્રેનર–૦૩,સ્વિમિંગ કોચ–૦ તથા એથ્લેટિકસ કોચ–૦,ડ્રાઈવર–૧૨ અને કાઉન્સેલર કમ ક્લાર્કની ૨૦ ઉમેદવારોની અરજી નિયત તારીખ તા.29/09/ 2024 સુધીમાં ઓનલાઈન મળેલ હતી. જે ઉમેદવારોની સ્કીલ ટેસ્ટનું આયોજન તા.:08/10/2024 ના રોજ અને ત્યારબાદના દિવસો દરમ્યાન સેનેટ હોલ તથા IQAC Room વહીવટી ભવન ખાતે અને સ્કિલ ટેસ્ટ કરવાની જરૂરિયાત મુજબ કરવામાં આવેલ હતું. સ્કિલ ટેસ્ટ માટે નિયુક્ત પસંદગી સમિતિ દ્વારા બંધ કવરમાં રજૂ કરેલ અહેવાલ રજૂ કરેલ છે જે અહેવાલ ૫૨ વિચારણા કરવા બાબત.

(નોંધ : બંધ કવર સભા સમયે રજૂ કરવામાં આવશે.)

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારિત જિમ ટ્રેનર, સ્વિમિંગ કોચ તથા એથ્લેટિકસ કોચ,ડ્રાઈવર અને કાઉન્સેલર કમ ક્લાર્કની સેવા લેવા અંગે લાયકાત ધોરણ નક્કી કરવા કાર્યાલયની તા.:31/07/2024 તથા તા.:12/09/2024 ની નોંધ ૫૨ મળેલ આદેશાનુસાર કામચલાઉ સેવાની જરૂરીયાત માટે ઉમેદવારો પાસે તા.29/04/2024 રાત્રે 12:00 કલાક સુધી ઓનલાઈન અરજી કરવા અંગે વર્તમાનપત્રમાં જાહેરાત સંદર્ભમાં જિમ ટ્રેનર–૦૩,સ્વિમિંગ કોચ–૦ તથા એથ્લેટિકસ કોચ–૦, ડ્રાઈવર–૧૨ અને કાઉન્સેલર કમ ક્લાર્કની ૨૦ ઉમેદવારોની અરજી નિયત તારીખ તા.29/09/ 2024 સુધીમાં ઓનલાઈન મળેલ હતી. જે ઉમેદવારોની સ્કીલ ટેસ્ટનું આયોજન તા.:08/10/2024 ના રોજ અને ત્યારબાદના દિવસો દરમ્યાન સેનેટ હોલ તથા IQAC Room વહીવટી ભવન ખાતે અને સ્કિલ ટેસ્ટ કરવાની જરૂરિયાત મુજબ કરવામાં આવેલ હતું. સ્કિલ ટેસ્ટ માટે નિયુક્ત પસંદગી સમિતિ દ્વારા રજૂ કરેલ અહેવાલનો સ્વીકાર કરી પસંદગી સમિતિ દ્વારા ભલામણ કરેલ ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ શરતોને આધિન નિમણુંક આપવી.**

વધુમાં ડ્રાઈવરની જગ્યા માટે કાર્યાલય સમય પહેલા અને કાર્યાલય સમયબાદ કે જાહેર રજાના દિવસે કામગીરી બજાવવાની થાય ત્યારે સદર વધારાની કામગીરીના વળતર પેટે પ્રતિકલાક રૂા.૯૦/– ઓવર ટાઈમનું ચુકવણું કરવા મંજૂરી આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે , યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ ઉપરોકત નિમણૂંકો કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૬.૭ યુનિવર્સિટી ખાતે કાર્યરત એકેડેમિક વિભાગમાં ૩ માસ કરાર આધારિત કમ્પુટર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા પરિક્ષિત બોખડેની વિભાગની તા:૦૩/૧૦/૨૪ની નોંધનો થી તેઓ દ્વારા એકેડેમિક વિભાગમાં કમ્પુટર પ્રોગ્રામર તરીકે કાર્યરત ERP ને લગતી ટેકનિકલ કામગીરી તથા એકેડેમિક વિભાગ અને પીજી વિભાગમાં ટેકનિકલ તમામ કામગીરી પરિક્ષિત બોખડે સંભાળે છે એકેડેમિક વિભાગમા non nep to nep ટ્રાન્સફર, માર્કશીટ વેરીફીકેસન,સબ્જેક્ટ ચેંજ તેમજ double graduate અંગે જે તે સબ્જેક્ટ તેમજ Re-admission અંગેના પ્રશ્નોનું GIPL સાથે તેમજ કોલેજ સાથે સંપર્ક કરી solve કરવા અંગેની તમામ કામગીરી કરતા હોય તેમને લાંબાગાળાની નિમણૂક (બ્રેક ન આવે) અને પગારમાં યોગ્ય વધારો કરવા નોંધનો

અવલોકને લઈ કમ્પુટર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા પરિક્ષિત બોખડેને લાંબા ગાળાની નિમણૂક આપવા અને પગાર વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી ખાતે કાર્યરત એકેડેમિક વિભાગમાં ૩ માસ કરાર આધારિત કમ્પુટર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા પરિક્ષિત બોખડેની વિભાગની તા:૦૩/૧૦/૨૪ની નોંધનો થી તેઓ દ્વારા એકેડેમિક વિભાગમાં કમ્પુટર પ્રોગ્રામર તરીકે કાર્યરત ERP ને લગતી ટેકનિકલ કામગીરી તથા એકેડેમિક વિભાગ અને પીજી વિભાગમાં ટેકનિકલ તમામ કામગીરી પરિક્ષિત બોખડે સંભાળે છે એકેડેમિક વિભાગમા non nep to nep ટ્રાન્સફર, માર્કશીટ વેરીફીકેસન,સબ્જેક્ટ ચેંજ તેમજ double graduate અંગે જે તે સબ્જેક્ટ તેમજ Re-admission અંગેના પ્રશ્નોનું GIPL સાથે તેમજ કોલેજ સાથે સંપર્ક કરી solve કરવા અંગેની તમામ કામગીરી કરતા હોય તેમને લાંબાગાળાની નિમણૂક (બ્રેક ન આવે) અને પગારમાં યોગ્ય વધારો કરવા નોંધનો અવલોકને લઈ કમ્પુટર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા **સદર કર્મચારીની વિનંતી ગ્રાહ્ય રાખી જરૂરી બ્રેક આપી ૧૧ માસનો કરાર કરવો અને યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ અલગ અલગ વિભાગો/ સેકશન ખાતે વધુમાં વધુ ૧૨ પ્રોગ્રામરની અગાઉ થયેલ સ્કિલ ટેસ્ટમાંથી ૧૧ માસ કરાર પર નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૬.૮ યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં/ પ્રોગ્રામોમાં શૈક્ષણિક વર્ષ 2024-25 માટે ૧૧ માસ કરાર આધારિત બીજા સત્રના અંત સુધી Temporary Assistant Professor/ Temporary Teaching Assistant ની નિમણૂક કરવા જાહેરાત ક્રમાંક: જન/એસ્ટા/ ટે.આ.પ્રો.-ટે.ટી.આ./૧૭૩૫/ ૨૦૨૪,તા.૨૦/૦૧/૨૦૨૪ અને જાહેરાત ક્રમાંક: જન/એસ્ટા/ ટે.આ.પ્રો.-ટે.ટી.આ./૧૪૩૨૪/ ૨૦૨૪,તા.૦૪/૦૭/ ૨૦૨૪ થી ઓનલાઈન અરજી મંગાવવામાં આવેલ હતી જે અન્વયે થયેલ વિવિધ વિભાગોના ઈન્ટરવ્યૂ સંદર્ભે Board of Manegemant ની તા.20-06-2024 ની સભાના ઠરાવ ક્રમાંક: 6.20 થી યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં/ પ્રોગ્રામોમાં શૈક્ષણિક વર્ષ 2024-25 માટે ૧૧ માસ કરાર આધારિત બીજા સત્રના અંત સુધી Temporary Assistant Professor/ Temporary Teaching Assistant ની નિમણૂક માટે પસંદગી સમિતિની ભલામણ અન્વયે નિમણૂક આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવેલ છે. જે અન્વયે **IAS /IPS તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રની** પસંદગી સમિતિનું આયોજન તા.૩૦/૦૮/ ૨૦૨૪ ના રોજ વહીવટી ભવન ખાતે થયેલ હતું જેમાં પસંદગી સમિતિની સભાની કાર્યવાહી બંધકવરમાં અત્રેના વિભાગને મળેલ હતી જે તા.૧૮/૦૯/૨૦૨૪ ના રોજ મા.કુલપતિ સમક્ષ રજૂ કરી બંધ કવર ખોલવામાં આવેલ છે જેમાં પસંદગી સમિતિની કાર્યવાહી અનુસાર પસંદગી પામેલ ઉમેદવાર નીચે મુજબ છે.

IAS/IPS & Other Competitive Exam Training Center : 02

Sr No	Name of Selection candidate, Designation & Qualification
01	Rushikesh Prakashgiri Goswami - TTA - B.E.(Mechanical)
02	Rajiv Ranjan Kapileshwar Pd Singh – TAP- NET

IAS/IPS & Other Competitive Exam Training Center માટે નિયુક્ત સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ લાયકાત ધોરણને ધ્યાને લઈ આપવામાં આવેલ જાહેરાતમાં નીચે મુજબ લાયકાત ધોરણ રાખવામાં આવેલ હતા.

Sr. No.	Name of Programme	No. of Position	Specialization/Degree
01	IAS/IPS & Other Competitive Examination Training Center	02	Any Graduate with any subject & Minimum three years experience in teaching of UPSC/GPSC subjects. OR Post Graduate in any subject of Humanities

આમ, ઉપરોક્ત જાહેરાતના લાયકાત ધોરણ અનુસાર પસંદગી સમિતિની કાર્યવાહી અવલોકનમાં લેતા (1) Rushikesh Prakashgiri Goswami - B.E.(Mechanical) ની નિમણૂક Temporary Teaching Assistant તરીકે માસિક રૂ.25,000/- ફિક્સ પગારથી તથા (2) Rajiv Ranjan Kapileshwar Pd Singh – TAP- NET ની નિમણૂક Temporary Assistant Professor તરીકે માસિક રૂ.40,000/- ફિક્સ પગારથી સદર વિભાગના સેલ્ફ ફાયનાન્સ ફંડ હેઠક કરવા મા.કુલપતિશ્રી દ્વારા લીધેલ પગલાની

નોંધ લેવા બાબત...

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.

૬.૯ (૧) NEP 2020 અન્વયે વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપની જોગવાઈ કરવામાં આવેલ છે, જેથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ મેળવવામાં સરળતા રહે તેમજ યુનિવર્સિટી કેમ્પસના વિદ્યાર્થીઓને કેમ્પસ ઈન્ટરવ્યૂ થકી રોજગારી મળે તે હેતુથી યુનિવર્સિટી ફંડમાંથી યુનિવર્સિટી પ્લેસમેન્ટ ઓફિસરની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૨) યુનિવર્સિટીના નાણાં અને હિસાબી વિભાગમાં માટે યુનિવર્સિટીના ફંડમાંથી યુનિવર્સિટી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

